# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-06-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# P. BHARTI- PC.

લોકસભાની ચૂંટણીની મતગણતરીની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. સામાન્ય ચૂંટણી તથા રાજ્ય વિધાનસભાની પેટાચૂંટણીઓ સંદર્ભે રાજ્યમાં 26 મતગણતરી કેન્દ્રો પર આવતીકાલે સવારે 8 વાગ્યે મતગણતરી શરૂ કરવામાં આવશે. ચૂંટણીના પરિણામ results.eci.gov.in તથા Voter Helpline App પર જાણી શકાશે. વધુ માહિતી આપતા રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- પી.ભારતી)**

# MATGANTRI TAIYARI- DIST.

રાજ્યમાં આવતીકાલે લોકસભાની સાથે રાજ્ય વિધાનસભાની યોજાયેલી પેટાચૂંટણીની મતગણતરી હાથ ધરાશે. જે અંતર્ગત, તમામ મતગણતરી કેન્દ્રો ઉપર ત્રિ-સ્તરીય સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

અમદાવાદ જિલ્લાની પૂર્વ અને પશ્ચિમ બેઠકની મતગણતરી અનુક્રમે એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજ અને ગુજરાત કૉલેજ ખાતે થશે. અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણા ડી. કે. તથા ચૂંટણી પંચ દ્વારા નિમાયેલા ચૂંટણીના જનરલ અને કાઉન્ટિંગ ઓબ્ઝર્વરની ઉપસ્થિતીમાં મતગણતરી સ્ટાફનું સેકન્ડ રેન્ડમાઇઝેશન કરવામાં આવ્યું હતું. અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ બેઠક માટે દરેક વિધાનસભા વિસ્તારમાં 14 ટેબલ લેખે 98 ટેબલ પર કુલ 1200 જેટલાં મતગણતરી સ્ટાફની ફાળવણી કરવામાં આવી છે.

ગાંધીનગર લોકસભા અંતર્ગત આવતી સાત વિધાનસભાની મત ગણતરી ગાંધીનગર સેક્ટર- ૧૫ સરકારી કોલેજ ખાતે થશે.

કચ્છના 6 વિધાનસભા મત વિસ્તાર અને મોરબી મળી કુલ 7 મત વિસ્તાર અને પોસ્ટલ બેલેટની ગણતરી આવતીકાલે ભુજની સરકારી એન્જિનિયરીંગ કોલેજના આઠ  હોલમાં યોજાશે..આ મતગણતરી કેન્દ્ર પર  ત્રિ-સ્તરીય ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. મત ગણતરીની કામગીરી માટે તંત્ર દ્વારા રિઝર્વ સહિત 2 હજારથી વધુ અધિકારી, કર્મચારીઓ અલગ તારવવામાં આવ્યા છે..

મહેસાણા લોકસભા બેઠક માટે આવતીકાલે બાસણા મર્ચન્ટ કોલેજ ખાતે મતગણતરી થશે. કુલ 166 ટેબલ ઉપર 14 રાઉન્ડમાં મત ગણતરી યોજાશે.

જામનગરમાં સાત વિધાનસભા મત વિસ્તાર મુજબ કુલ ૮૬ ટેબલ તેમજ પોસ્ટલ બેલેટના કાઉન્ટીંગ માટે કુલ ૧૦ ટેબલ પર મત ગણતરી થશે.

દાહોદમાં મતગણતરી કેન્દ્રો ઉપર માર્ગદર્શિકા મુજબ, અલગ અલગ સેટઅપ અને સીસીટીવી ગોઠવવામાં આવ્યા છે.

# FIRE SAFETY

રાજકોટની આગ દુર્ઘટના બાદ રાજ્યમાં ફાયર સેફ્ટી અંતર્ગત પગલાં લેવાઇ રહ્યા છે. જેમાં

અરવલ્લી જિલ્લા પોલિસ વડા કચેરી અને પોલિસ હેડક્વાર્ટર ખાતે મોડાસા નગરપાલિકા ફાયર વિભાગ દ્વારા તાલિમ યોજવામાં આવી હતી. પોલિસ હેડક્વાર્ટર ખાતે યોજાયેલા ફાયર જાગૃતિ કાર્યક્રમમાં બસોથી વધારે પોલિસ કર્મચારીઓ તેમજ અધિકારીઓ જોડાયા હતા...

કચ્છના સરકારી દવાખાનાઓમાં હવે દર મહિનાની છઠ્ઠી તારીખે ફાયર મોકડ્રિલ યોજાશે.. તમામ સબ સેન્ટર, પીએચસી, સીએચસી,સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલમાં ફાયર સાધનોની સાથે ઇલેક્ટ્રિક વાયરોની ચકાસણી કરવા તાકિદ કરાઇ હતી. જિલ્લામાં આવેલી સરકારી અને ખાનગી હોસ્પિટલમાં રાતે જોઈ

શકાય તેવા ફાયર એક્ઝિટ લખેલા રેડિયમવાળા ચિહ્નો લગાડવાનો આદેશ અપાયો છે.

મોરબી નગરપાલિકાની ટીમ દ્વારા હાથ ધરાયેલી ફાયર સેફ્ટીની ચકાસણીની ઝુંબેશ દરમિયાન ફાયર સેફ્ટી ન ધરાવતા નવ જેટલા કોમ્પલેક્ષ સિલ કરવાની નોટિસ અપાઇ હતી. મોરબી ફાયર વિભાગ દ્વારા અગાઉ એક હોસ્પિટલ, એક જીમ અને એક લેબોરેટરીને સીલ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં સિત્તેર જેટલી મિલકતો સામે કાર્યવાહી કરાઇ છે.

# WORLD CYCLE DAY

આજે વિશ્વ સાયકલ દિવસની રાજ્ય સહિત દેશભરમાં ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય શારિરીક તંદુરસ્તી પર્યાવરણીય જાગૃતિ અને સામાજીક ભાવનાને પ્રોત્સાહન આપવાનો છે. કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં યુવાનોનું એક જૂથ નિયમિતપણે સાયકલ ચલાવે છે. આજના દિવસનું મહત્વ સમજાવતા ડો. બિજલ કાપડિયાએ આ મુજબ જણાવ્યું....

## (બાઇટ- ડો. બીજલ કાપડિયા)

સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા શહેરના 60થી વધુ સભ્યો દ્વારા શરૂ થયેલા Sunday Cycling નામના એક મોર્નિંગ સાયકલીંગ ગ્રુપે આજે વિશ્વ સાયકલ દિવસ નિમિત્તે બીજા લોકોને પણ આવું ગ્રુપ બનાવવા તેમજ આવા ગ્રુપમાં જોડાઈને પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહેવા અનુરોધ કર્યો હતો. આ ગ્રુપે આજે શહેરના વિવિધ માર્ગો પર સાયકલિંગ કરીને તેમાં જોડાનાર લોકોને મેડલ આપી સન્માનિત કર્યા હતા.

# KHEDA- YUVAKO MOT

ખેડા જિલ્લાના ડાકોર નજીક ગલતેશ્વર ખાતે મહિસાગર નદીમાં ન્હાતી વખતે અમદાવાદના ત્રણ યુવકોના ડૂબી જતા મોત થયા હતા. અન્ય એક યુવકને સ્થાનિક તરવૈયાઓએ બચાવી લીધો હતો. ગઇકાલે અમદાવાદના નવ જેટલા યુવાનો ગળતેશ્વર મહીસાગર નદીમાં સ્નાન કરવા ગયા હતા. આમાંથી એક યુવાન ઊંડા પાણીમાં ડૂબતા તેને બચાવવા જતાં ત્રણ યુવાનો પણ ડૂબ્યા હતા. ગઇકાલે એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો જ્યારે આજે અન્ય બે યુવકોના મૃતદેહો મળી આવ્યા છે.

# WEATHER

રાજ્યમાં આવતા અઠવાડિયાથી પ્રિ-મોન્સુન એક્ટિવિટી શરૂ થશે. સાથે સાથે રાજ્યમાં કેટલાક સ્થળોએ હળવો વરસાદ થવાની પણ હવામાન ખાતાએ સંભાવના વ્યક્ત કરી છે.. જેના ભાગરૂપે, આજે વલસાડ જિલ્લાના કપરાડા તેમજ આજુબાજુના ગામોમાં વરસાદી માહોલ સર્જાયો હતો..વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ સર્જાયા બાદ વરસાદ થયો હોવાના અહેવાલ છે. વરસાદ થતાં લોકોએ ગરમીથી રાહતનો અનુભવ કર્યો હતો.